# SMC અને નેતાઓના ત્રાસથી કંટાળી દંપતીએ ઇચ્છામૃત્યુ માંગ્યું



**મનપાના** અધિકારી ભૈરવ દેસાઈ, શેતાનસિંહ અને ભાજપના આગેવાન નરપતસિંહ સહિતના લોકો પર દંપતીએ આક્ષેપો કર્યા

સુરતઃ સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતા વૃદ્ધ દંપતીએ જિલ્લા કલેક્ટરને લેખિત અરજી આપી મનપાના અધિકારીઓ અને રાજકીય આગેવાનો દ્વારા સતત ત્રાસ અપાતો હોવાનો ગંભીર આક્ષેપ કર ઇચ્છામૃત્યુની પરવાનગી આપવા માંગ કરી છે.

પાંડેસરામાં રહેતા વૃદ્ધ દંપતી શ્યામભાઈ કપુરજી ગેહલોત અને મધુબેન શ્યામભાઈ ગેહલોતે કલેકટરને કરેલી એ રજૂઆતમાં જણાવ્યું છે કે બંને પતિ-પત્ની એકલા જીવન વિતાવી રહ્યા છે. બમરોલી વિસ્તારના રણછોડનગરમાં આવેલા પ્લોટ નં. 95, 109, 110 અને 19 તેમના નામે છે. આ મિલકતો વર્ષ 2006માં ખરીદવામાં આવી હતી, 2008માં વિસ્તાર મનપામાં આવ્યો હતો. વર્ષ 2021માં તેમની મિલકતમાં આવેલી 11 દુકાનને કોઈ પૂર્વ નોટિસ કે કારણ આપ્યા વગર મહાનગરપાલિકાના ઉધના સાઉથ ઝોન દ્વારા સીલ કરી દેવામાં આવી હતી. આ મામલે તેમણે ગુજરાત હાઇકોર્ટમાં અરજી દાખલ કરી હતી. હાઇકોર્ટના માર્ગદર્શન બાદ અમે ફાયર સેફ્ટી માટે સંમતિ આપી હતી. પરંતુ અમારી મિલકતને હજુ સુધી ઈમ્પેક્ટ ફીમાં મંજૂર કરવામાં આવી નથી. અરજીમાં ગેહલોત દંપતીએ ઉધના સાઉથ ઝોનના કાર્યપાલક ઇજનેર ભૈરવભાઈ દેસાઈ, શેતાનસિંહ રાઠોડ અને ભાજપના આગેવાન નરપતસિંહ સહિતના લોકો સામે ગંભીર આક્ષેપો કર્યા છે. તેઓનો દાવો છે કે આ લોકોના દબાણ અને પ્રભાવ હેઠળ તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે અધિકારીઓ તેમને ચોક્કસ વ્યક્તિને મળવાનું કહી રહ્યા છે. પરિવાર ગુમાવ્યા બાદ બાકી રહેલા જીવનમાં હવે અમારે સતત વિવાદો, કોર્ટ કેસો અને ત્રાસનો સામનો કરવો પડી રહ્યો છે. તેથી તેમની સ્થિતિ એવી બની ગઈ છે કે ઇચ્છામૃત્યુ જ છેલ્લો વિકલ્પ દેખાઈ રહ્યો છે.

### ઈમ્પેક્ટ માટેના જરૂરી દસ્તાવેજોની પૂર્તતા કરી જ નથી, તેથી સીલ મરાયું છે: ભૈરવ દેસાઈ

ઉધના ઝોનના કાર્યપાલક ઇજનેર ભૈરવ દેસાઇએ આ મુદે જણાવ્યું હતું કે, આ મિલકતને ફાયર સેફ્ટી અને અન્ય અભાવોને કારણે નિયમ મુજબ વર્ષ 2021માં સીલ મરાયું હતું ત્યાર બાદ મિલકતદારે ઇમ્પેક્ટ ફીમાં મિલકત કાયદેસર કરવા ફાઇલ મુકી છે. પરંતુ 2024થી સતત કહેવા છતાં ઈમ્પેક્ટ ફીની મંજૂરી માટેના જરૂરી દસ્તાવેજોની તેમના દ્વારા પુર્તતા કરવામાં આવી નથી. ફાયર સેફ્ટીની પુર્તતા કરવા માટે સીલ ખોલી અપાયું હતું તો તેમણે મિલકતને ભાડે ચડાવી દીધી હતી. અરજદારના આક્ષેપો ખોટા છે.

## આરોપીઓને ફરી ગુના નહીં કરવા પોલીસની સૂચના



■ શહેરના જુદા જુદા પોલીસ સ્ટેશનમાં અલગ અલગ ગુનામાં પકડાયેલા આરોપીઓને આજે પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર બોલાવવામાં આવ્યા હતા. આ તમાનને ફરીથી ગુનો નહીં કરવા માટે સૂચના આપવામાં આવી હતી. (તસવીર : સતીષ જાદવ)

# અંકુર વિદ્યાલયની શિક્ષિકાની એસિડ ગટગટાવી આત્મહત્યા

**એક** મહિના પહેલા વતનથી દૂર આવ્યા બાદ ડિપ્રેશનમાં રહેતી હતી

સુરતઃ કતારગામ વિસ્તારમાં રહેતી 23 વર્ષીય શિક્ષિકાએ એસિડ પી આત્મહત્યા કરી લેતાં પરિવાર અને શિક્ષણ જગતમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. વતનથી માત્ર એક મહિના પહેલાં જ સુરત આવી નવી કારકિર્દીની શરૂઆત કરનાર યુવતીએ આકસ્મિક રીતે જીવન ટૂંકાવી લેતાં અનેક પ્રશ્નો ઊભા થયા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતી છેલ્લા કેટલાક સમયથી ડિપ્રેશનનો સામનો કરતી હોવાનું સામે આવ્યું છે.

મૂળ ભાવનગર જિલ્લાના રહેવાસી હસ્તી જયંતીભાઈ ઢોલા હાલમાં કતારગામ વિસ્તારમાં આવેલા એટલાન્ટિસ બિલ્ડિંગમાં પોતાના ભાઈ સાથે રહેતી હતી. શિક્ષણ ક્ષેત્રે આગળ વધવાના સપના સાથે તે એક મહિના પહેલાં સુરત આવી હતી અને કતારગામની અંકુર વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી હતી. ગુરુવારે વહેલી સવારે હસ્તી રોજની જેમ નોકરીએ જવા માટે તૈયાર થઈ રહી હતી. જોકે, તે દરમિયાન તેણે ઘરમાં રહેલું એસિડ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ પરિવારજનોએ તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી. તબીબોએ સારવાર શરૂ કરી હતી, પરંતુ ઝેરી અસર વધુ હોવાના કારણે ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, હસ્તી સુરત આવ્યા બાદથી માનસિક તણાવ અને ડિપ્રેશનનો અનુભવ કરતી હતી. હસ્તીના પિતા ભાવનગરમાં હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે, જ્યારે ભાઈ સુરતમાં હીરા વેપારનો ધંધો કરે છે. પરિવારની આશા અને સપનાઓ વચ્ચે યુવતીના અચાનક અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

# છ લગ્ન કરી ચૂકેલી 'લૂંટેરી દુલ્હન'નો સાતમો શિકાર

**દહેજનો** ખોટો કેસ કરી ટોળકીએ 12 લાખ માંગ્યા, પૈસા પડાવવા ચપ્પુ વડે હુમલો

**મોટા** વરાછાના 'લાઇફ લાઇન ચેરિટેબલ ટ્રસ્ટ'ના સંચાલકોએ લગ્ન પેટે 3.50 પડાવ્યા

સુરતઃ અગાઉ છ લગ્ન કરી ચૂકેલી લૂંટેરી દુલ્હને સાતમા પતિ પાસે 12 લાખની ખંડણી માંગતા તેની સામે ગુનો નોંધાયો છે. તેણે સાતમા લગ્ન કરતાં પહેલા અગાઉના છ લગ્નની વાત છુપાવી હતી.

પાસોદરા કઠોદરા રોડ પર આવેલી ગઢપુર ટાઉનશીપમાં રહેતા ૪૪ વર્ષીય ભરતભાઈ ઘનશ્યામભાઈ કાછડીયાના છૂટાછેડા બાદ બીજા લગ્ન માટે તેમણે નાનાવરાછામાં "લાઈફ લાઈન ચેરીટેબલ ટ્રસ્ટ"ના પ્રમુખ ઘનશ્યામભાઇ ઈટાલીયા તથા ઉપપ્રમુખ નીતાબેન નારીયાનનો સંપર્ક કર્યો હતો. સંચાલકોએ રજિસ્ટ્રેશન પેટે રૂ.૫૦,૦૦૦ અને બાદમાં કટકે-કટકે લગ્ન કરાવવાના બહાને કુલ રૂ.૩,૦૦,૦૦૦ પડાવી લીધા હતા. સંચાલકોએ કરજણના વેમારડી ગામની જૈમીના અશ્વિનભાઈ પટેલ નામની યુવતી સાથે મુલાકાત કરાવી હતી અને તેણીના અગાઉ માત્ર બે જ લગ્ન થયા હોવાનું ખોટું ફોર્મ બતાવી ભરોસો જીત્યો હતો. ડિસેમ્બર ૨૦૨૨માં લગ્ન થયા બાદ જૈમીનાએ ઘરમાં નાની-નાની વાતોમાં ઝઘડા કરી ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. તેણીએ અવારનવાર કંટ્રોલ રૂમમાં ફોન કરી પોલીસ બોલાવી સાસરા પક્ષને હેરાન કરવાનું શરૂ કર્યું હતું. આ અંગે ભરતભાઈએ જ્યારે મેરેજ બ્યુરોના સંચાલકો ઘનશ્યામ ઈટાલીયા અને નીતાબેનને રજૂઆત કરી, ત્યારે સંચાલકોએ અસલી રંગ બતાવી ધમકી આપી હતી કે, જો જૈમીનાથી છૂટકારો જોઈતો હોય તો પૈસા આપી દો, નહીંતર અમે બધા ભેગા મળીને તારા પર બળાત્કારનો કેસ કરી દઈશું. બીજી તરફ જૈમીનાએ પણ રૂ.૧૨,૦૦,૦૦૦ ની માંગણી કરી કોર્ટમાં ડોમેસ્ટિક વાયોલન્સ અને દહેજનો ખોટો કેસ ઠોકી દીધો હતો. ત્યારબાદ તે એક દિવસ રસોડામાંથી ચપ્પુ લાવી ભરતભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો. જેથી પરિવારે વધુ રૂ.૨૫,૦૦૦ આપતા જૈમીના શાંત થઈ ઘરનો તમામ સામાન લઈને પીયર જતી રહી હતી. તેમ છતાં, આ બનાવની ફરિયાદ થતાં આરોપી જૈમીનાબેન અશ્વીનભાઇ નટવરભાઇ પટેલની પુત્રી (રહે., વેમારડી, તા.કરજણ, જિ.વડોદરા), ઘનશ્યામભાઈ ઈટાલીયા તથા નીતાબેન નારીયા (રહે.,સુરત) વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# SDBના વેપારીનું કર્મચારીએ રૂ. 4.87 કરોડનું કરી નાંખ્યું

**વેપારી** કારમાં બેસી રહ્યાં પણ બંધનબેંકમાં નહીં જતા કર્મચારીએ બીજી કંપનીમાં રૂપિયા જમા કરાવી દીધા

સુરતઃ સુરત ડાયમંડ બુર્સના વેપારી સાથે તેમના જ કર્મચારીએ રૂ.૪,૮૭,૦૦,૦૦૦ની ઠગાઈ કરી છે. મૂળ ઈન્દોર રીતેન્દ્ર ઓમકારસિંઘ સોલંકી ખાજોદ સુરત ડાયમંડ બુર્સ ખાતે 'ઓરનેક્સ ડાયમંડ પ્રા.લિ.' કંપનીમાં ડિરેક્ટર છે. ગત તા. ૧૬/૦૬/૨૦૨૬ના રોજ તેઓને દિલ્હી કરોલ બાગ ખાતે આવેલી 'એસ.એમ. એમ્પીરીયલ ઇન્ટરનેશનલ પ્રા. લિ.' કંપની પાસેથી હીરાની ખરીદી કરવા માટે એડવાન્સ પેમેન્ટ પેટે રૂ.૪,૮૭,૦૦,૦૦૦ મોકલવા માટે ઓફિસમાં કામ કરતા નિકુંજ ચેતનભાઈ ત્રિવેદી (હાલ રહે., સુરત ડાયમંડ બુર્સ, બી/૩૩૨, ખજોદ)ને કંપનીના બંધન બેંકના ખાતાના ૮ સહી કરેલા ચેકો આપ્યા હતા. સાથે જ કઈ બેંકમાં અને કયા ખાતે ટ્રાન્સફર કરવા તેની વિગતવાર ચિઠ્ઠી પણ આપી હતી. ડિરેક્ટર રીતેન્દ્રભાઈ અને નિકુંજ બંને ફોર વ્હીલર કાર લઈને અડાજણ ઓમ શોપિંગ કોમ્પ્લેક્સ, પ્રાઈમ ઓર્કેડની સામે આવેલી બંધન બેંક શાખા ખાતે પહોંચ્યા હતા. જ્યારે નિકુંજ બેંકમાં ગયો હતો ત્યારબાદ રકમ બહુ મોટી હોવાથી બેંક કર્મચારીઓ ચેક લેવાની ના પાડે છે, તમારે પોતે અંદર આવવું પડશે. તેમ કહી તેણે ચેકોનું કવર રીતેન્દ્રભાઈને આપી દીધું હતું. રીતેન્દ્રભાઈએ અંદર જઈને કવર જમા કરાવ્યું હતું. આ દરમિયાન નિકુંજે પોતાની તબિયત ખરાબ છે તેમ કહી ત્યાંથી પલાયન થઈ ગયો હતો. રીતેન્દ્રભાઈ મુંબઈ જવા માટે રેલવે સ્ટેશન પહોંચ્યા ત્યારે સાંજે પાંચ વાગ્યે દિલ્હીના વેપારી સંતોષકુમારનો ફોન આવ્યો કે પેમેન્ટ હજુ જમા થયું નથી. તેમણે તપાસ કરાવતા એકાઉન્ટમાંથી રૂ.૪,૮૭,૦૦,૦૦૦ કપાઈ ચૂક્યા હતા, પરંતુ તે દિલ્હીના વેપારીના બદલે મુંબઈની અન્ય કંપનીઓમાં જમા થયા હતા. સાતિર નિકુંજે માલિકની નજર ચૂકવીને મુંબઈ ગોરેગામ એક્સિસ બેંકના 'ફેક્ટરી ડેસ્ક સપ્લાય પ્રા.લિ.' ના ખાતામાં રૂ.૩,૮૭,૦૦,૦૦૦ અને બોરીવલી આઈડીએફસી બેંકના 'ગ્લોબ ઈન્ડસ્ટ્રીઝ' ના ખાતામાં રૂ.૧,૦૦,૦૦,૦૦૦ ટ્રાન્સફર કરી દીધા હતા.

# NEET માટે CISFને સિક્યુરિટીમાં તૈનાત કરાઈ

**સુરત** 22 કેન્દ્ર પર 10,301 ઉમેદવાર પરીક્ષા આપશે

સુરતઃ આગામી 21 જૂન, રવિવારે યોજાનારી NEET-UG 2026 પરીક્ષામાં સુરત જિલ્લામાંથી કુલ 10,301 ઉમેદવાર ભાગ લેશે. પરીક્ષાનું આયોજન પારદર્શક, સુરક્ષિત અને સુવ્યવસ્થિત રીતે થાય તે માટે શહેર અને જિલ્લામાં 22 પરીક્ષા કેન્દ્રો અને 22 રૂટ નક્કી કરવામાં આવ્યા છે. સુરત જિલ્લા વહીવટી તંત્રે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે.

નીટમાં ગયા વખતે પેપર લીક થવાની ઘટના બાદ પુનઃ લેવામાં આવી રહી છે. ત્યારે લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલી આ પરીક્ષાને ધ્યાનમાં રાખીને જિલ્લા તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટર તેજસ પરમારના માર્ગદર્શન હેઠળ કલેક્ટર કચેરી, જિલ્લા શિક્ષણ તંત્ર, પોલીસ વિભાગ અને અન્ય સંબંધિત વિભાગો વચ્ચે સતત સંકલન સાધવામાં આવ્યું છે.

પરીક્ષાના સુરક્ષિત આયોજન માટે સ્થાનિક પોલીસ ઉપરાંત સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (CISF) ના જવાનોને પણ ખાસ તૈનાત કરવામાં આવ્યા છે. દિલ્હીથી આવેલા CISF જવાનો સમગ્ર પરીક્ષા પ્રક્રિયા દરમિયાન સુરક્ષા અને ગોપનીયતા જાળવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

### ઉમેદવારોએ પરીક્ષા કેન્દ્ર પર શું સાથે રાખવું?

- NTA દ્વારા ડાઉનલોડ કરેલ એડમિટ કાર્ડ
- એડમિટ કાર્ડ મુજબનો પોસ્ટકાર્ડ સાઇઝ ફોટોગ્રાફ
- બે પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ
- આધાર કાર્ડ, પાન કાર્ડ, મતદાર ઓળખપત્ર, પાસપોર્ટ અથવા ડ્રાઇવિંગ લાઇસન્સ જેવા માન્ય ફોટો ઓળખપત્ર
- પારદર્શક પાણીની બોટલ (વૈકલ્પિક)
- મોબાઇલ સહિતની અનેક વસ્તુઓ પર પ્રતિબંધ

### ઇલેક્ટ્રિક સાધન અને આભૂષણો પર પ્રતિબંધ

પરીક્ષા કેન્દ્રમાં મોબાઇલ ફોન, સ્માર્ટ વોચ, કેલ્ક્યુલેટર, બ્લૂટૂથ ઉપકરણો, પેન, પેન્સિલ, ઇરેઝર, શાર્પનર તેમજ કોઈપણ ઇલેક્ટ્રોનિક કે સંચાર સાધન લઈ જવાની મંજૂરી રહેશે નહીં. ઉપરાંત ચેઇન, વીંટી, કાનના ટોપ્સ સહિતના આભૂષણો પહેરીને પણ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

### મહત્ત્વપૂર્ણ સમયસૂચિ

- **રિપોર્ટિંગ સમયઃ** સવારે 11:00 થી બપોરે 1:30
- **છેલ્લો પ્રવેશ સમયઃ** બપોરે 1:30
- **પ્રશ્નપત્ર વિતરણઃ** બપોરે 1:50
- **પ્રશ્નપત્ર ખોલવાનો સમયઃ** બપોરે 1:55
- **પરીક્ષા શરૂઃ** બપોરે 2:00
- **પરીક્ષા પૂર્ણઃ** સાંજે 5:15

### વિદ્યાર્થીઓ તણાવ વિના આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપેઃ કલેક્ટર

જિલ્લા કલેક્ટર તેજસ પરમારે તમામ પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ કોઈપણ પ્રકારના તણાવ કે ગભરાટ વિના આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે વર્ષભરની મહેનતનું પરિણામ મેળવવાનો આ મહત્ત્વપૂર્ણ સમય છે અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉમેદવારોને અનુકૂળ અને શાંતિપૂર્ણ વાતાવરણ મળી રહે તે માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

## ગાંજા વેચવામાં થયેલી હત્યામાં આરોપીને હાઈકોર્ટે જામીન આપ્યાં

સુરતઃ શહેરના કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી હત્યાની ઘટનામાં હાઈકોર્ટે આરોપી યજ્ઞિક જોષીના જામીન મંજૂર કર્યા હતા. આ કેસમાં આરોપ હતો કે, ગાંજા વેચવાની બાબતે થયેલી બોલાચાલી બાદ મુખ્ય આરોપીએ યજ્ઞિક જોષીને સ્થળ પર બોલાવ્યો હતો. ઘટના દરમિયાન સહ-આરોપી રાહુલ નાવડીયાએ મૃતક પર છરી વડે હુમલો કર્યો હતો, જ્યારે આરોપી યજ્ઞિક જોષી પર મૃતકને પકડી રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આરોપીના વકીલ મુકુંદ રામાણી અને રિધ્ધિશ મોદીનાં જણાવ્યાં મુજબ આરોપી યજ્ઞિક જોષીએ જામીન મુક્ત થવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીને જામીન મુક્ત કર્યો હતો.

# આજે વરાછા ઓવરબ્રિજ પર કાપોદ્રાના નવા રેમ્પનું લોકાર્પણ

**કેન્દ્રીય** જળમંત્રી સી.આર. પાટીલ દ્વારા અન્ય પ્રકલ્પો મળીને મનપાના રૂ.98 કરોડના પ્રકલ્પોનું ઉદઘાટન કરાશે

સુરતઃ મનપાના અંદાજિત રૂ. 98 કરોડના ખર્ચે સાકારિત વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ શનિવારે થશે. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલના હસ્તે આ વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટોનું લોકાર્પણ કરવામાં આવશે. જેમાં રાંદેર ઝોનના વરીયાવ ખાતે રૂ.17.9 કરોડના ખર્ચે બનેલી 290 લાખ લિટર ક્ષમતાની અન્ડરગ્રાઉન્ડ ટાંકી તેમજ કતારગામ ઝોનના જી.આઈ. ડી.સી. વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનમાં રૂ.14.22 કરોડના ખર્ચે બનેલી 263 લાખ લિટર ક્ષમતાની ભૂગર્ભ ટાંકીનું જોડાણ કાર્ય, આ ઉપરાંત રાંદેર અને અડાજણના વિવિધ ટી.પી. સ્કીમ વિસ્તારોમાં અંદાજે રૂ.10.69 કરોડના ખર્ચે બનેલી અલગ-અલગ ઓવરહેડ ટાંકીઓનું લોકાર્પણ કરાશે.

વાહનોની સુવિધા માટે બ્રિજ વિભાગ દ્વારા રૂ.17.54 કરોડના ખર્ચે વરાછા ફ્લાય ઓવર બ્રિજ પર કાપોદ્રા જંકશન પહેલા સુધીના એન્ટ્રી રેમ્પનું લોકાર્પણ કરવામાં આવશે. અઠવા ઝોનમાં રૂા. 10.52 કરોડના ખર્ચે હયાત વેન્ડિંગ માર્કેટનું રીડેવલપમેન્ટ, સરથાણા ઝોનમાં પાસોદરા ખાતે રૂ.8.76 કરોડના ખર્ચે સિટીલિંક બસો માટેનું ડેપો અને વર્કશોપ, સાઉથ ઝોન-એ ભેસ્તાન ખાતે રૂા. 8.06 કરોડના ખર્ચે શેલ્ટર, તેમજ વરાછા અને આંજણા ખાતે નવનિર્મિત હેલ્થ સેન્ટરો, વોર્ડ ઓફિસ અને નાગરિક સુવિધા કેન્દ્રોનું લોકાર્પણ કરાશે.

# AI ડ્રાઈવિંગ લાઈસન્સ ટ્રેક શરૂ પણ નવી એપોઈન્ટમેન્ટો બંધ

**સારથી** સોફ્ટવેરની ધીમી ગતિ અને રોજ માત્ર ગણતરીના જ ટેસ્ટ લેવાતા એજન્ટો અને વાહનચાલકોમાં ભારે રોષ

સુરતઃ સુરત આરટીઓ ખાતે ટેકનોલોજીને અપગ્રેડ કરવાના હેતુથી શરૂ કરાયેલો નવો એઆઈ (AI) ટ્રેક હાલમાં અરજદારો માટે માથાનો દુઃખાવો બની ગયો છે. AI ટ્રેક કાર્યરત થયા બાદ લાયસન્સ માટેની નવી એપોઈન્ટમેન્ટ મળવાની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે. RTO તંત્ર દ્વારા હાલમાં માત્ર જૂની એપોઈન્ટમેન્ટો જ ક્લિયર કરવામાં આવી રહી છે, જ્યારે નવી એપોઈન્ટમેન્ટ આપવાનું કામ સંપૂર્ણપણે ઠપ્પ જેવું થઈ ગયું છે. મળતી માહિતી મુજબ, આરટીઓના સત્તાવાર 'સારથી' સોફ્ટવેરમાં સતત ટેકનિકલ ખામીઓ સર્જાઈ રહી છે. સોફ્ટવેરના આ ધાંધિયાને કારણે જૂની એપોઈન્ટમેન્ટ ધરાવતા અરજદારોના કામ ક્લિયર કરવામાં પણ કલાકોનો સમય વેડફાઈ રહ્યો છે. સિસ્ટમ વારંવાર હેંગ થવાને કારણે અધિકારીઓ અને અરજદારો બંને અટવાયા છે.

### સાંજે 4 વાગ્યા પછી ટેસ્ટ શરૂ થતાં હાલાકી

આશ્ચર્યની વાત એ છે કે, આ હાઇટેક AI ટ્રેક પર ડ્રાઇવિંગ ટેસ્ટ સવારના બદલે રોજ સાંજે 4 વાગ્યા પછી શરૂ કરવામાં આવે છે. મોડી સાંજે ટેસ્ટ શરૂ થવાને કારણે મર્યાદિત સમયમાં ખૂબ જ ઓછા લોકોનો વારો આવે છે. AI ટ્રેક શરૂ થયાના પ્રથમ અઠવાડિયામાં માંડ 100થી પણ ઓછા અરજદારો ફોર-વ્હીલર ડ્રાઇવિંગ ટેસ્ટ આપી શક્યા છે.

### એજન્ટો અને અરજદારો મુશ્કેલીમાં

નવી એપોઇન્ટમેન્ટ ન મળવાને કારણે અને જૂના ટેસ્ટમાં થતા વિલંબથી સામાન્ય જનતા સહિત આરટીઓ એજન્ટો પણ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. લોકોએ લાયસન્સ માટે દિવસો સુધી ધક્કા ખાવા પડી રહ્યા છે. જો આગામી દિવસોમાં સોફ્ટવેરની ખામી સુધારીને ટેસ્ટની સંખ્યા વધારવામાં નહીં આવે, તો લાયસન્સનું પેન્ડિંગ લિસ્ટ ખૂબ મોટું થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

# ઈચ્છાપોરમાં ડ્રેનેજની કામગીરી બાદ રસ્તો બનાવવાનું ભૂલી જવાયું

**લાંબો** સમય વિત્યા પછી રહીશોએ કરેલી રજૂઆત સામે પણ આંખ આડા કાન



સુરતઃ હાલમાં જ ડિંડોલી વિસ્તારમાં કોન્ટ્રાક્ટરની ગંભીર લાપરવાહીને લીધે નવનિર્મિત રસ્તાની સ્ટ્રેન્ચ અચાનક બેસી ગયાની ઘટના બાદ વધુ એક લાપરવાહી ઈચ્છાપોર વિસ્તારમાં પણ સામે આવી છે. ઈચ્છાપોરમાં આવેલા જલારામ મંદિર પાસેના ખડી મહોલ્લામાં મનપા દ્વારા થોડા સમય પૂર્વે ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી માટે રસ્તો ખોદવામાં આવ્યો હતો. આ ડ્રેનેજની કામગીરી પૂર્ણ થયાને ઘણો લાંબો સમય થઈ ગયો હોવા છતાં, મનપાના અધિકારીઓને રસ્તાના રિપેરિંગ કે નવો રસ્તો બનાવવા માટેનું હજુ સુધી કોઈ મુહૂર્ત મળ્યું નથી. સ્થાનિક રહીશો દ્વારા આ બાબતે વારંવાર રજૂઆતો કરવા છતાં વહીવટી તંત્ર દ્વારા સતત આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.

હવે જ્યારે ચોમાસાની સિઝનને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે આ મુખ્ય માર્ગનું સમારકામ ન થવાના કારણે વાહનચાલકો અને રાહદારીઓ પર અકસ્માતનું મોટું જોખમ તોળાઈ રહ્યું છે. સ્થાનિક નાગરિકોએ આક્ષેપ કર્યો છે કે, તંત્ર દ્વારા ગામના અન્ય તમામ વિસ્તારોમાં રસ્તાના કામો પૂરા કરી દેવામાં આવ્યા છે, પરંતુ માત્ર આ જ પટ્ટામાં ભેદભાવ રાખીને કામગીરી લટકાવી રાખવામાં આવી છે. જો પ્રી-મોન્સુન કામગીરી હેઠળ તાકીદે આ રસ્તો સરખો કરવામાં નહીં આવે, તો આગામી વરસાદમાં અહીં મોટાપાયે પાણી ભરાશે અને કાદવ-કીચડના સામ્રાજ્ય વચ્ચે લોકોને પસાર થવું પડશે. ખાડાઓને કારણે અંધારામાં કે પાણી ભરાયેલી સ્થિતિમાં વાહનો સ્લિપ થવાથી જાનમાલનું નુકસાન થવાની પૂરેપૂરી સંભાવના હોવા છતાં મનપા તંત્ર હજુ પણ ઘોર નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે.

### વિકસિત ભારત રોજગાર યોજના હેઠળ

# 15 લાખ યુવાનોના ખાતામાં રૂ. 2400 કરોડ જમા થયા

**સુરતમાં** કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલની હાજરીમાં કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાયું

સુરતઃ કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા રોજગારીની તકો વધારવા માટે શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના અંતર્ગત શુક્રવારે મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાંથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના 15 લાખથી વધુ પાત્ર યુવા લાભાર્થીઓના ખાતામાં ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા 2400 કરોડની પ્રોત્સાહક સહાય રકમ જમા કરાવી હતી.

આ અવસરે સુરતના મહારાજા અગ્રસેન ભવન ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં દિલ્હીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, "આ યોજના દેશના આર્થિક અને સામાજિક માળખાને વધુ મજબૂત બનાવવામાં સીમા ચિહ્નરૂપ સાબિત થશે. 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન હેઠળ ભારતીય ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે નવી ઓળખ મળી રહી છે." તેમણે યુવાનો અને શ્રમિકોને દેશના વિકાસના પાયા ગણાવતા કહ્યું કે કેન્દ્ર સરકાર તાલીમ, સબસિડી અને સરળ લોનની સુવિધાઓ દ્વારા અંતિમ વ્યક્તિ સુધી આત્મનિર્ભરતાનો લાભ પહોંચાડવા પ્રતિબદ્ધ છે.

# વિધાનસભાની ચૂંટણી પહેલા સુરતમાં મેટ્રો રેલ દોડતી થઈ જશે!

**મુખ્યમંત્રી** દ્વારા સુરત મેટ્રો, ડ્રીમ સિટી અને આઇકોનિક પ્રોજેક્ટ્સની સર્વગ્રાહી સમીક્ષા

**સુરતમાં** ટુરિઝમ સેક્ટર વિકસાવવા પર મુખ્મયંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાર મૂક્યો

સુરતઃ સુરતમાં 2027માં વિધાનસભાની ચૂંટણી પહેલા મેટ્રો રેલ દોડતી થઈ જશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગુજરાતના વિવિધ મહત્ત્વકાંક્ષી અને આઇકોનિક પ્રોજેક્ટ્સની પ્રગતિ અંગે ગાંધીનગર ખાતે એક ઉચ્ચ સ્તરીય રિવ્યુ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં મુખ્યત્વે સુરત, અમદાવાદ, ગાંધીનગર અને ધોલેરા સહિતના વિસ્તારોમાં ચાલી રહેલા વિકાસલક્ષી કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

સુરતની મેટ્રો રેલની કામગીરીની સમીક્ષા સાથે ખજોદ ખાતે સાકાર થઈ રહેલા ડ્રીમ સિટી પ્રોજેક્ટ અંતર્ગત થઈ રહેલી કામગીરીનો ચિતાર મેળવતા મ્યુનિ.કમિ. નાગરાજને મુખ્યમંત્રીને વિગતવાર માહિતી પૂરી પાડી હતી, જેમાં હાલ મહત્ત્વના પ્રોજેક્ટ્સ માટેની ટેન્ડર પ્રક્રિયા પ્રગતિમાં હોવાનું જણાવાયું હતું. આ ઉપરાંત, બુલેટ ટ્રેન અંગે પણ બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ જ બેઠકમાં જણાવાયું હતું કે, સુરતમાં મેટ્રો રેલના પ્રથમ તબક્કાની કામગીરી હવે અંતિમ ચરણમાં પહોંચી ચૂકી છે અને છેલ્લા કેટલાક સમયથી તેનું ટ્રાયલ રન પણ સફળતાપૂર્વક ચાલી રહ્યું છે, જ્યારે બીજા તબક્કાનું કામ પણ ખૂબ જ પૂરજોશમાં આગળ વધી રહ્યું છે. આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં સુરતના પ્રથમ ફેઝમાં મેટ્રો રેલ દોડતી થઈ જવાની પ્રબળ સંભાવનાઓ સેવાઈ રહી છે. બેઠકમાં મુખ્યમંત્રીએ રાજ્યમાં ટુરિઝમ ડેવલપમેન્ટ ક્ષેત્ર પર પણ વિશેષ ભાર મુક્યો હતો, જેમાં ગુજરાતના સુપ્રસિદ્ધ તીર્થધામો જેવા કે અંબાજી, વડનગર અને પાવાગઢના વિકાસ કાર્યોની સમીક્ષા કરવાની સાથે-સાથે આગામી સમયના મહત્ત્વકાંક્ષી દ્વારકા કોરિડોર પ્રોજેક્ટની પ્રગતિ અંગેની પણ જરૂરી વિગતો મેળવીને પ્રવાસન ક્ષેત્રને વધુ વેગવંતું બનાવવા માર્ગદર્શન આપ્યું હતું.